# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **જમ્મુ - કાશ્મીરના રામબનમાં ફસાયેલા ગુજરાતના પ્રવાસીઓને સલામત રીતે પરત લાવવા રાજ્ય સરકાર દ્વારા પ્રયાસો.**
2. **આજથી રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ચણાની ખરીદી શરૂ કરાશે**
3. **આરોગ્ય મં ત્રી ઋષિકેશ પટેલે જામનગર અને પોરબંદરની સરકારી હોસ્પિટલોની મુલાકાત લઈ આરોગ્ય વિષયક સુવિધાઓની સમીક્ષા કરી.**
4. **અમદાવાદની મુસ્લિમ સમાજના ટ્રસ્ટોની મિલકતોમાંથી ગેરકાયદે ભાડુ વસૂલ કરતાં વક્ફ બોર્ડના કથિત પાંચ ટ્રસ્ટીઓની ક્રાઇમ બ્રાંચે ધરકડ કરી.**
5. **ભાવનગરમાં અન્નપૂર્ણા અનાજ ATM વૃદ્ધો માટે આશીર્વાદરૂપ સાબિત થઇ રહ્યું છે**
6. **આઇપીએલમાં આજે કોલકાતા નાઈટ રાઇડર્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે કોલકાતાના ઈડન ગાર્ડન ખાતે મુકાબલો થશે.**

-------------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# JAMMU KASHMIR RESCUE

જમ્મુ-કાશ્મીરના રામબનમાં વાદળ ફાટવાને કારણે ભૂસ્ખલનની ઘટના બની છે, જેમાં ગુજરાતના ગાંધીનગર અને બનાસકાંઠાના પ્રવાસીઓ ફસાયા હોવાની માહિતી મળતા જ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત પોલીસને જરૂરી પગલાં લેવા સૂચના આપી છે.

રાજ્ય પોલીસે તાત્કાલિક જમ્મુ-કાશ્મીર પોલીસ કંટ્રોલ રૂમ અને રામબન એસ.એસ.પી. સાથે સંપર્ક કરી પ્રવાસીઓની માહિતી મેળવી છે. સ્થાનિક સ્તરેથી મળેલી માહિતી અનુસાર તમામ ગુજરાતી પ્રવાસીઓ સુરક્ષિત છે.પ્રવાસીઓ માટે જમવા સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે..

ગુજરાત પોલીસ સેન્ટ્રલ આઈ.બી. સહિત જમ્મુ-કાશ્મીર પ્રશાસન સાથે સતત સંપર્કમાં છે.ગુજરાત સરકાર અને પોલીસે તાત્કાલિક જમ્મુ કાશ્મીર પ્રશાસનના સંપર્કમાં રહી ગુજરાતના પ્રવાસીઓની સલામતી સુનિશ્ચિત કરી રહી હોવાનું ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

**(બાઇટ- હર્ષ સંઘવી, ગૃહરાજ્ય મંત્રી)**

---

# HASRH SANGVI- NARMDA PARIKRAMA

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ગઈકાલે નર્મદા જિલ્લાના ભાજપના કાર્યકર્તાઓ સાથે નર્મદા પરિક્રમામાં જોડાયા હતા. તેમણે રામપુરા ખાતે રણછોડજીના દર્શન

કરી પરિક્રમાની શરૂઆત કરી હતી.તેમણે પરિક્રમા માર્ગમાં આવતા ભંડારાની પણ મુલાકાત કરી હતી. શ્રી સંઘવીએ જણાવ્યું કે આવનારા સમયમાં નર્મદા પરિક્રમામાં વ્યવસ્થામાં વધારો કરાશે.

---

# SUPPORT PRICE

રાજ્યમાં આજથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે. એક હજાર 903 કરોડ રૂપિયાના કુલ 3 લાખ 36 હજાર મેટ્રિક ટન ચણાના જથ્થાની અને 767 કરોડ રૂપિયાના એક લાખ 29 હજાર મેટ્રિક ટન રાયડાની ટેકાના ભાવે ખરીદી આજથી શરૂ થશે.

કેન્દ્ર સરકારે વર્ષ 2024-25ની રવિ મોસમ દરમિયાન ચણા માટે 5 હજાર 650 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ તથા રાયડા પાક માટે 5 હજાર 950 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો છે.

---

# RUSHIKESH PATEL- PORBANDAR VISIT

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પોરબંદરમાં ભાવસિંહજી સિવિલ હોસ્પિટલ અને G.M.E.R.S. મેડિકલ કોલેજની મુલાકાત લઈ આરોગ્ય સેવાની સમીક્ષા કરી હતી. તેમણે 550 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણાધિન G.M.E.R.S. મેડિકલ કોલેજ અને હોસ્ટેલમાં બાંધકામનું નિરીક્ષણ કરી આરોગ્ય સવલતોની માહિતી મેળવી હતી.

તેમણે દર્દીઓ સાથે સંવાદ કરીને તેમને મળતી સારવારને લગતી જાણકારી મેળવી પણ હતી. આ અંગે શ્રી પટેલે આ માહિતી આપી.

**(બાઈટ ઋષિકેશ પટેલ)**

આ ઉપરાંત આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં એમ.પી.શાહ મેડીકલ કોલેજ ખાતે સમીક્ષા બેઠક યોજી જિલ્લાની આરોગ્ય વિષયક સેવાઓ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. તેમણે જણાવ્યું કે 525 કરોડ રૂપિયાના ખર્ચે હોસ્પીટલનું નવું ભવન તથા ગર્લ્સ હોસ્ટેલનું નિર્માણ થતાં સૌરાષ્ટ્રને ઉચ્ચ આરોગ્ય વિષયક સેવાઓ અને વિદ્યાર્થિનીઓને રહેવાની ઉત્તમ સુવિધા મળશે.

---

# WAQF LAND SCAM

અમદાવાદ ક્રાઇમ બ્રાંચે જમાલપુરમાંથી વકફ બોર્ડના પાંચ ટ્રસ્ટીની ધરપકડ કરી છે. જમાલપુરની કાંચની મસ્જિદ અને શાહ બડા કાસમ ટ્રસ્ટ સાથે સંકળાયેલી મિલકતોમાંથી ગેરકાયદેસર રીતે લાખો રૂપિયા ભાડા વસૂલવા બદલ વકફ બોર્ડના ટ્રસ્ટી તરીકે ઓળખાતા પાંચ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હોવાનું ક્રાઇમ બ્રાંચના ડીસીપી ભરત રાઠોડે જણાવ્યું હતું..

**બાઇટ- ભરત રાઠોડ, ડીસીપી, અમદાવાદ ક્રાઇમ બ્રાંચ**

---

# KUTCH BSF ARREST

કચ્છના વાગડ વિસ્તારમાં સરહદ સુરક્ષા દળ - BSF દ્વારા એક શંકાસ્પદ વ્યક્તિને પકડવામાં આવ્યો છે. બાલાસર પોલીસ મથક વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક જીરો લાઇન પર આવેલા પીલર નંબર 992 પાસેથી આ શખ્સને ઝડપી લેવામાં આવ્યો છે. પકડાયેલા વ્યક્તિની ઓળખ સમીર સમશેર અંસારી તરીકે થઈ છે, જે બિહારના મુજફ્ફરનગર જિલ્લાના દામોદરપુર ગામનો રહેવાસી છે. તે 17 એપ્રિલના રોજ પંખેરાપીર લોદરાણી વિસ્તારમાં આવ્યો હતો. ત્યાંથી 35 કિલોમીટર રણ વિસ્તાર પાર કરીને જીરો પોઇન્ટ સુધી પહોંચ્યો હતો.

BSFના જવાનોએ તેને આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલી વાડ પાસેથી પકડ્યો હતો. તેની પાસેથી આધાર કાર્ડ અને અન્ય વસ્તુઓ મળી આવી છે. બાલાસર પોલીસ, S.O.G., સુરક્ષા એજન્સીઓ અને IB દ્વારા તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

---

# MAHISAGAR DEATH

મહિસાગરમાં લુણાવાડાના ભાટપુરા ગામની પાનમ કેનાલમાં ગઇકાલે ત્રણ વ્યક્તિ ડૂબી જતાં બેના મોત થયા છે. લુણાવાડા નગરપાલિકાની ફાયર ટીમ દ્વારા બે મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનામાં એક યુવકને લુણાવાડા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ત્યાંથી તેને વધુ સારવાર અર્થે તેને ગોધરા મોકલી અપાયો હતો. મળતી માહિતી મુજબ ત્રણે યુવાન કેનાલમાં હાથ પગ ધોવા માટે ઉતરતા ડૂબી ગયા હતા.

---

# BHAVNAGAR ANAJ ATM

ગુજરાતના ભાવનગર જિલ્લામાં અનાજ વિતરણ માટે ATM શરુ કરવામાં આવ્યું છે. જરૂરિયાતમંદોને લાંબી લાઈનોમાંથી મુક્તિ મળે તેવા ઉમદા ઉદ્દેશથી આ આ ATM શરુ કરવામાં આવ્યું છે. ભાવનગરમાં એકલા રહેતા સવિતાબેન વૃદ્ધાવસ્થામાં અન્નપૂર્ણા અનાજ એટીએમના કારણે દર મહિને પોતાના હકનું રાશન સરળતાથી અને મફતમાં મેળવી શકે છે તેમ તેમણે જણાવ્યું હતું.

## (બાઈટ - સવિતાબેન, લાભાર્થી, ભાવનગર)

આ ગ્રેઈન એ.ટી.એમ.નો આજ સુધી 8 હજાર 800થી વધુ લોકો લાભ લઈ ચૂક્યા છે. આ પ્રોજેક્ટના અમલના પગલે સમયની બચત થઈ રહી છે અને જાહેર વિતરણ વ્યવસ્થાની પારદર્શિતામાં વૃદ્ધિ થઈ છે. તેમ જિલ્લા પુરવઠા અધિકારી ચેતન પ્રજાપતિએ જણાવ્યું હતું.

## (બાઇટ- ચેતનકુમાર એમ. પ્રજાપતિ)

જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, ભાવનગર

---

# IPL

આઇપીએલ ટી-20 ક્રિકેટમાં આજે કોલકાતા નાઈટ રાઇડર્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે કોલકાતાના ઈડન ગાર્ડન ખાતે મુકાબલો થશે. મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. ગુજરાત ટાઇટન્સ હાલ 10 પોઇન્ટ સાથે પ્રથમ ક્રમાંક પર છે.

ગઈ કાલે મુંબઈ  ઈન્ડિયન્સે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સને 9 વિકેટે હરાવ્યું હતું. ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સ સામે 177 રનનો લક્ષ્યાંક રાખ્યો હતો. અગાઉ બેટિંગ કરવા ઉતરેલી ચેન્નાઈએ 20 ઓવરમાં 5 વિકેટે 176 રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરતા, મુંબઇ ઇન્ડિયન્સે ચાર ઓવર અને બે બોલ બાકી હતા ત્યારે માત્ર એક વિકેટ ગુમાવીને 177 રન બનાવીને  મેચ જીતી લીધી.

એક અન્ય મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ પંજાબ કિંગ્સને સાત વિકેટે હરાવ્યું હતું.

---

# WEATHER

રાજ્યમાં તાપમાનમાં ઘટાડો થતાં લોકોએ ગરમીથી આંશિક રાહત અનુભવી છે. છેલ્લાં બે દિવસથી પવનની ગતિ સામાન્યથી વધુ રહેતાં તાપમાનમાં ઘટાડો થયો છે.

હવામાન વિભાગે આગામી  ચાર દિવસ દરમિયાન ગરમીનું પ્રમાણ ઘટવાની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આગામી 22થી 24 એપ્રિલ દરમિયાન મહતમ તાપમાન 38થી 42 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. 24મી એપ્રિલ બાદ ફરી ગરમીમાં વધારો થવાની આગાહી છે.

તારીખ 22થી 24 એપ્રિલ દરમિયાન રાજ્યના દરિયાઈ કિનારાના જિલ્લામાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેતા પ્રતિકૂળ સ્થિતિ જોવા મળશે. છેલ્લાં 24

કલાકમાં રાજ્યમાં સૌથી વધુ  મહત્તમ તાપમાન  41.7 ડિગ્રી સેલ્સિયસ રાજકોટમાં નોંધાયું હતું.  રાજ્યનાં અનેક જિલ્લામાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી નીચે રહ્યું હતું. અમદાવાદમાં  39.7 ડિગ્રી, ડીસામાં 37.6, વલ્લભ વિદ્યાનગરમાં 39.5 અને કેશોદમાં 37.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

---

# CM SAMUHLAGNOTSV- AHMEDABAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગઇકાલે અમદાવાદમાં રબારી સમાજ દ્વારા આયોજિત સમૂહ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા.  આ પ્રસંગે તેમણે નવ પરણિત યુગલોને સુખી દામ્પત્ય જીવનના આશીર્વાદ આપી શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીના હસ્તે દીકરીઓને કન્યાદાન રૂપે ભેટ અપાઈ હતી.            આ સમૂહ લગ્નોત્સવમાં 16 નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડયાં હતાં.

---

# TIRTH YATRA

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સંચાલિત તીર્થ દર્શન યોજનાઓને  સારો પ્રતિસાદ મળી રહ્યો છે.. વર્ષ        2017-18થી ચાલતી આ યોજનાઓમાં મુખ્યત્વે  ‘શ્રવણ તીર્થ દર્શન યોજના  ’, ‘સિંધુ દર્શન યોજના ’ અને ‘કૈલાશ માન સરોવર યોજના’નો સમાવેશ થાય છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સંચાલિત ત્રણેય યોજનાઓ હેઠળ રાજ્ય સરકારે વર્ષ  2017-18થી અત્યાર સુધીમાં 1 લાખ 58 હજાર 760

**શ્રદ્ધાળુઓને વિવિધ તીર્થસ્થળોની યાત્રાઓ કરાવી છે અને લાભાર્થી શ્રદ્ધાળુઓને 20 કરોડ, 62 લાખ 93 હજાર રૂપિયાની સહાય ચૂકવી છે.**